# શ્રી રામચંદ્ર મિશન
# એકોઝ ઈન્ડીયા®

સપ્ટેમ્બર ૨૦૦૮ | માત્ર અંગત પ્રકાશન માટે | વર્ષ ૧ અંક ૫


પ્રિય બહેનો અને ભાઈઓ,

આપણે સૌ હજી પણ લખનૌમાં ઉજવાયેલા પૂ.માસ્ટરના જન્મોત્સવ અને પૂ.માલિકની આધ્યાત્મિક કૃપાનો અનુભવ કરી રહ્યા છીએ અને હજી પણ તે જ સંસ્મરણોમાં વિચરીએ છીએ, જેને શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. આ અંકના મુખ્ય આકર્ષણો છે, ભંડારાનો સવિશેષ અહેવાલ, આપણાં માસ્ટરની વિવિધ સેન્ટરોની મુલાકાત, મિરુટ આશ્રમનું ઉદ્ઘાટન, કેટલાક તાલીમ કાર્યક્રમો અને ઓપન હાઉસ કાર્યક્રમો.

ભારતભરનાં આપણાં આશ્રમો અને સેન્ટરોમાં યુનાઈટેડ નેશન્સ અને એસ.આર.સી.એમ.ના સંયુક્ત સંગઠન હેઠળ યોજાયેલ નિબંધલેખન સ્પર્ધાની પ્રવૃત્તિ હાલ પ્રવૃત્ત છે.

નવેમ્બર અંકના સમાચારલેખો મોકલવાની છેલ્લી તારીખ ૧૦મી ઓક્ટોબર ૨૦૦૮ છે. તમારા સમાચારની વિગત અને તે પ્રવૃત્તિ સંબંધિત ફોટોગ્રાફ તમારા ઝોન-ઈન-ચાર્જ મારફત મોકલવા વિનંતી.

એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર ટીમ






## પૂ.માસ્ટરના ૮૧મા જન્મોત્સવની ઉજવણી – લખનૌ

૨૦મી જુલાઈની સાંજે, જેવા પૂ.માસ્ટર વિમાનમાર્ગે કોલકતાથી આવી પહોચ્યાં, તે ક્ષણથી જ ઉત્સવનું વાતાવરણ છવાઈ ગયું હતું. દુનિયાભરનાં અભ્યાસીઓ અને બાળકો સાથે મળીને લગભગ ૪૨,૦૦૦ લોકો લખનૌ આશ્રમ ખાતે ભેગાં થયાં હતાં. આ આશ્રમ લખનૌથી ૨૫ કિ.મી. દૂર, હરદોઈ જવાના રસ્તા તરફ આવેલાં આઈ.આઈ.એમ. સંકુલની નજીક આવેલો છે.

૨૩મી જુલાઈએ સત્સંગ પછી, નવી દિલ્હીના યુએન સંસ્થાના શ્રી રાજીવ ચંદ્રને સંબોધન કરતાં કહ્યું હતું કે યુ.એન. શાંતિ, સ્વસ્થતા, સમાનતા અને પ્રતિકૂળ સંજોગાનો ભોગ બનેલી વ્યક્તિઓ, ખાસ કરીને સ્ત્રીઓના અધિકાર જેવાં મૂલ્યો આધારિત 'મિલેનીયમ ડેવલપમેન્ટ ગોલ્સ (યુ.એન.એમ.ડી.જી)' કાર્યક્રમમાં કાર્યરત છે.

તે પછી પોતાના યાદગાર વક્તવ્યમાં પૂ.માસ્ટરે તે તરફ ધ્યાન દોર્યું હતું કે શ્રી રામચંદ્ર મિશન કેવી રીતે જુદી જુદી નાત-જાત, ધર્મ, ભાષા અને રાષ્ટ્રીયતા ધરાવતાં લોકોમાં ભાઈચારો લાવે છે. મિશનમાં આજ સુધી ૨,૦૦૦ લગ્નો થઈ ચૂક્યાં છે અને તે કેવી રીતે નવી માનવપેઢીને રાહ ચીંધશે.

પૂ.માસ્ટરે ભારપૂર્વક જણાવ્યું કેવળ પ્રેમ દ્વારા જ સ્ત્રીને અધિકાર આપી શકાય છે. તેમણે કહ્યું, "તેમને પ્રેમ આપો, તેમની માવજત કરો, તેમને રક્ષણ આપો." તેમણે ધ્યાન ચીંધ્યું કે ભારતમાં સ્ત્રીઓ તેમનાં ઘરની રાણી હોય છે, પછી ઘરની બહાર ભલેને તેઓ તેમનાં પતિથી થોડાં પગલાં પાછળ ચાલતી કેમ ન હોય!

૨૪મી જુલાઈએ જેવા પૂ.માસ્ટર મેડિટેશન હોલમાં દાખલ થયા કે તરત જ આર્મીબેન્ડના વાદ્યકારોએ 'હેપી બર્થડે ટુ યુ'ની ધૂન વગાડવાની શરૂ કરી દીધી હતી. સવારના સત્સંગ પછી ૧૧ લગ્નો યોજાયાં હતાં. ભક્તિભર્યા ભજનો, ગીતો અને કાવ્યપઠનથી સૌનાં હૃદયમાં પૂ.માસ્ટર પ્રત્યે પ્રેમભાવ જાગી ઊઠ્યો હતો.

મેડિટેશન હોલમાં સ્ટેજની પાછળના પડદા પર લખાણ હતું, 'ટુગેધર ફોર એવર', એટલે કે 'હંમેશનો સાથ'. પડદા પર બાબુજી મહારાજ અને ચારીજીના વિવિધ ફોટાઓ લગાડેલા હતાં. આ ત્રણ દિવસના ઉત્સવ દરમિયાન કુલ ૨૮ લગ્નો થયાં હતાં. વિદેશી યુગલોએ પણ લગ્ન કર્યાં હતાં. ઉત્સવ દરમિયાન પૂ.માસ્ટરે ઘણાં પુસ્તકો, સીડીઓ અને ડીવીડીઓનું વિમોચન કર્યું હતું. 'હી, ધ હુક્કા એન્ડ આઈ' શ્રેણીનો દ્વિતીય ભાગ, 'ધ હબલ બબલ'નું વિમોચન પણ થયું, જેમાં પૂ.માસ્ટરનાં વક્તવ્યોનો સંગ્રહ છે.

ચોમાસાની ઋતુ હોવાને કારણે, બધાં જ તંબૂઓ રેઈન-પ્રુફ બનાવાયાં હતાં, તેથી ચોમેર વરસતા વરસાદમાં પણ અભ્યાસીઓને રક્ષણ મળ્યું હતું. આ શક્ય બનાવનારાં તમામ વ્યવસ્થાપકો અને સવયંસેવકોને પૂ.માસ્ટરે શાબાશી પાઠવી હતી. સ્વયંસેવકોએ જુદા જુદા વિભાગોની સંભાળ રાખી હતી, તે વિભાગો હતાં, રહેઠાણ, સુરક્ષા, પરિવહન, જૂતાવ્યવસ્થા, સ્વચ્છતા, દવાખાનું, લગ્નવ્યવસ્થા, કેન્ટીન, રસોડું, વિશેષ સહાય, બાળવિભાગ, પાણીપુરવઠો અને ગૃહવિભાગ. તે ઉપરાંત બેન્ક અને ઈન્ટરનેટની સુવિધા પણ ઉપલબ્ધ હતી.

દુનિયાભરમાંથી આવેલા મિશનના કર્મચારીઓ સાથે મિશનના વહીવટી કાર્યની સમલોચનામાં અને મુલાકાતીઓને મળવામાં પૂ.માસ્ટર વ્યસ્ત રહ્યા હતા. તેમણે કેટલોક સમય મિશનની વર્કિંગ કમિટિ સાથે પણ પસાર કર્યો અને તે દરમિયાન તેમણે હાલની પ્રવૃત્તિઓનું તથા મિશનના ભાવિ કાર્યક્રમોનું નિરીક્ષણ કર્યું હતું.

૨૫મી જુલાઈના રોજ, પૂ.માસ્ટરની ઉપસ્થિતિમાં સવારનો સત્સંગ થયો હતો અને ત્યાર પછી ભજનોનો કાર્યક્રમ યોજાયો હતો. અંતે મિશનના સેક્રેટરી, ભાઈ શ્રી યુ.એસ.બાજપાઈના વિદાયસંબોધન બાદ, આ ઉત્સવને સમાપ્ત જાહેર કરવામાં આવ્યો હતો.







SRCM
# એકોઝ ઈન્ડીયા
સપ્ટેમ્બર ૨૦૦૮ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૧ અંક ૫

## પૂ.માસ્ટરની યાત્રા – જૂનથી ઓગસ્ટ ૨૦૦૮

### બેંગલોર

યુરોપની બે મહિનાની લાંબી યાત્રા પૂરી કરીને, પૂ.માસ્ટર દુબઈથી રવિવારે ૧૫મી જૂન, ૨૦૦૮ના રોજ બેંગલોર પહોંચ્યા હતા. તેમના સ્વાગત માટે બેંગલોર અને આજુબાજુના સેન્ટરોના અભ્યાસીઓ ખૂબ મોટી સંખ્યામાં નવા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હાજર રહ્યાં હતાં.

પૂ.માસ્ટરે લાલાજી નિલયમ મેડિટેશન સેન્ટર ખાતે સત્સંગ કરાવ્યો હતો અને ત્યાર પછી લગ્નો યોજાયાં હતાં. લાલાજી નિલયમનું નામ 'પરમ ધામ' રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે અને ત્યાં બાંધકામ ચાલુ છે. તેમણે બેંગલોરની પૂર્વ, દક્ષિણ અને ઉત્તર દિશાએ આવેલાં ત્રણ આશ્રમો વિશે કહ્યું કે તેનાથી આ દરેક વિસ્તારના અભ્યાસીઓને સવલત રહેશે. એક ટૂંકા વક્તવ્યમાં તેમણે સ્વ–શિસ્તની આવશ્યકતા વિશે ધ્યાન દોર્યું હતું. પૂ.માસ્ટરે આગામી ડીવીડી સેટ 'હી, ધ હુક્કા એન્ડ આઈ – સેટ ૨: ધ હબલ બબલ'ના પરિચય માટે વક્તવ્ય આપ્યું હતું.

જૂનની ૨૦થી ૨૬ સુધી પૂ.માસ્ટર 'ક્રેસ્ટ' ખાતે રોકાયા હતા. કર્ણાટકના વિવિધ સેન્ટરોમાંથી પૂ.માસ્ટરની મુલાકાત માટે આવતા અભ્યાસીઓનો દોર ચાલુ જ રહ્યો હતો. પૂ.માસ્ટરે એસ.એમ.એસ.એફ. લાઈબ્રેરી સબસ્ક્રાઈબર્સ કાર્ડનું ઉદઘાટન કર્યું હતું. આ કાર્ડ દ્વારા અભ્યાસીઓ કોઈપણ એસ.એમ.એસ.એફ. લાઈબ્રેરીમાં પ્રવેશ મેળવી શકશે. આ પ્રસંગે તેમણે કહ્યું કે આ લાઈબ્રેરીઓમાં ખાસ પસંદ કરાયેલાં પુસ્તકો છે, જેનો હેતુ વિશેષ જ્ઞાન માટે અને ધર્મ તથા આધ્યાત્મિકતાની કદર કરવા માટે છે.

૨૫૦ કિલોગ્રામનું વજન ધરાવતા એક મોટા ઘંટની 'ક્રેસ્ટ' ખાતે સ્થાપના કરવાની દરેક દરેક વિગતમાં પૂ.માસ્ટરે ખૂબ રસ લીધો હતો. આ ઘંટ ફ્રાન્સથી આવેલો છે અને આનંદપૂર્વક તેમણે તેનું ઉદઘાટન કર્યું હતું. પછી તેમણે મોટરમાર્ગે ચેન્નાઈ તરફ પ્રયાણ કર્યું અને ૨૮મી જૂને માર્ગ પર આવેલા નટરામપલ્લી ખાતે રાત્રિરોકાણ કર્યું હતું.

બે–અઢી મહિનાથી પ્રિયતમની રાહ જોતાં ચેન્નાઈનાં એક વિશાળ અભ્યાસીસમૂહે તેમનું સ્વાગત કર્યું હતું. મોટરમાર્ગે મુસાફરી કરી હોવા છતાં, તેમણે અભ્યાસીઓ સાથે થોડો સમય વિતાવીને પછી પોતાનાં કોટેજમાં પ્રવેશ કર્યો હતો.

૬ઠ્ઠી જુલાઈના રોજ સવારના સત્સંગ પછી પૂ.માસ્ટરે 'હી, ધ હુક્કા એન્ડ આઈ'ના તમિલ અનુવાદનું વિમોચન કર્યું. તેમણે લાલાજી ઓમેગા ઈન્ટરનેશનલ સ્કુલની પણ મુલાકાત લીધી. આમ જરૂરથી તેઓ અભ્યાસીને મળવા માટે સમય કાઢી જ લે છે.તેમણે ૧૦મા ધોરણના વિદ્યાર્થીઓને ભારપૂર્વક કહ્યું કે આ શાળામાંથી દસ ધોરણ સુધી ભણીને પસાર થનારી આ પહેલી બેચ હશે.








▲ બેંગલોર



▲ નાકુચૈતાલ



▲ ચેન્નાઈ

૧૪મી જુલાઈના રોજ પૂ.માસ્ટર કોલકતા જવા નીકળ્યા હતા. કોલકતામાં, ૧૮મી જુલાઈના રોજ ગુરૂપૂર્ણિમા વખતે ભારતભરમાંથી ઘણાં અભ્યાસીઓ ભેગાં થયાં હતાં. ૨૦મી જુલાઈના રોજ તેમણે લખનૌ ઉત્સવ માટે પ્રયાણ કર્યું હતું.

લખનૌ ઉત્સવ બાદ, પૂ.માસ્ટર ૨૮મીએ લખનૌથી મોટરમાર્ગે શાહજહાનપુર જવા નીકળ્યા હતા. શાહજહાનપુરમાં તેમણે બાબુજી મહારાજના ઘરની મુલાકાત લીધી અને ત્યાં હાજર રહેલા અભ્યાસીઓને સત્સંગ કરાવ્યો હતો. પછી તેઓ આશ્રમ ગયા, સત્સંગ કરાવ્યો હતો અને અભ્યાસીઓ સાથે કેટલોક સમય વીતાવ્યો હતો. ત્યાર બાદ બપોર પછી તેઓ રૂદ્રપુર જવા નીકળ્યા.

માર્ગમાં આવતા નાકુચૈતાલ ખાતે એક ટૂંકા વિરામ બાદ, તા.૨૯મીએ બપોરે ૩.૩૦ વાગ્યે, પૂ.માસ્ટર સતખોલ પહોંચ્યા. ૩૦મીએ સવારે તેમણે સત્સંગ કરાવ્યો અને એક અભ્યાસી ભાઈનું એક સુંદર ગીત સાંભળ્યું. આ સતખોલની ટૂંકી મુલાકાત હતી અને ત્યાર બાદ, પૂ.માસ્ટર રસ્તામાં આવતા રૂદ્રપુર અને મોરાદાબાદ ખાતે થોડું રોકાઈને મિરુટ જવા નીકળ્યા.



▲ સતખોલ



▲ શાહજહાનપુર



▲ સતખોલ



▲ ગાઝિયાબાદ

SRCM
# એકોઝ ઈન્ડીયા
મુખ્ય મથક

સપ્ટેમ્બર ૨૦૦૮ | માત્ર અંગત પ્રકાશન માટે | વર્ષ ૧ અંક ૫

## પૂ.માસ્ટર દ્વારા મિરુટ આશ્રમનું ઉદઘાટન

૧લી ઓગસ્ટ ૨૦૦૮ના રોજ, જ્યારે પૂ.માસ્ટર સતખોલથી દિલ્હી જવા નીકળ્યા, ત્યારે મુખ્ય રસ્તાથી થોડોક વળાંક લઈ, તેમણે મિરુટ સેન્ટરની મુલાકાત લીધી હતી. તેમની સાથે ખૂબ જ થોડાં અભ્યાસીઓ હતા. તેમણે સવારનો નાસ્તો મોરાદાબાદમાં લીધો હતો અને પછી મિરુટ આશ્રમની જગ્યાએ પહોંચીને તેમણે નવા બંધાયેલા મેડિટેશન હોલનું અને માસ્ટર્સ કોટેજનું ઉદઘાટન કર્યું હતું. રિબન કાપવાની વિધિ પછી તેમણે આશ્રમ ખુલ્લો મૂક્યો અને તે બાબુજી મહારાજને અર્પણ કર્યો હતો. પૂ.માસ્ટરે ૧૫૦૦ જેટલા અભ્યાસીઓના વિશાળ સમૂહને સત્સંગ કરાવ્યા બાદ તેમને સંબોધન કર્યું હતું. તેમણે રમૂજથી કહ્યું હતું કે રાવણની પત્ની મંદોદરી મિરુટની રહેવાસી હતી અને દાનવોના કુટુંબનો ભાગ હોવા છતાં તે એક ભલી સ્ત્રી હતી. તેમણે તેમના વકતવ્યમાં નીચે મુજબનાં મહત્ત્વનાં મુદ્દાઓ જણાવ્યાં:

– આપણે દૃઢ નિશ્ચય કરવો જોઈએ કે આપણે શાંતિ જાળવીશું, તેનાથી અંદરોઅંદરનાં કલહો દૂર થશે.
– અંદર સ્થાપિત કરો અથવા બહાર સ્થાપિત કરો – બંને કરવું શક્ય નથી.
– છેવટે, 'શું ન કરવું' – એટલું તો આપણે જ નક્કી કરવું જોઈએ.
– પવિત્ર કમાણી અને પતિ–પત્ની વચ્ચે આધ્યાત્મિક સંબંધ, એ મહત્ત્વનાં છે.

પૂ.માસ્ટરે એ પણ કહ્યું કે અભ્યાસીઓએ નાત–જાતના વાડા છોડવા જ જોઈએ. એક સમયે બાબુજી મહારાજે પોતે પોતાની અટક દૂર કરી હતી. બપોરે પૂ.માસ્ટર મોટરમાર્ગે દિલ્હી જવા રવાના થયા હતા.











## પ્રકાશનો

### નવીન પ્રકાશનો

### હબલ બબલ




આ વર્ષનું આ એક અનોખું પ્રકાશન છે. તે 'હી, ધ હુક્કા એન્ડ આઈ'માંના પૂ.માસ્ટરના વકતવ્યોની દ્વિતીય શ્રેણી છે.

જેમ પૂ.માસ્ટર કહે છે, "હું આપણાં અભ્યાસીઓને આજીજીપૂર્વક કહું છું કે પ્રકૃતિના સાદને પ્રતિસાદ આપો, તે તમારી પ્રતીક્ષા કરે છે. કંઈ જ શોધવાનું નથી, કોઈ માવજત નથી કરવાની, કશાયની ઈચ્છા નથી રાખવાની, કોઈ પ્રાપ્તિ નથી કરવાની અને સૌથી વધુ તો એ છે કે કંઈ જ ગુમાવવાનું નથી. અને, જ્યાં સુધી આપણે તે સાદને પ્રત્યુત્તર નહીં આપીએ, ત્યાં સુધી દાઢી તો માત્ર દાઢી જ હશે, હુક્કો તો માત્ર હુક્કો જ હશે અને તેનો ધુમાડો માત્ર ધુમાડો જ રહેશે. આપણે માટે તે રહેશે, ધ હબલ બબલ."

આ પાંચેય ડીવીડી સાથે વકતોવ્યોનું અક્ષરાંકન કરીને તેને એક પુસ્તકરૂપે, એક સુંદર કવરમાં આપવામાં આવ્યું છે.

### ડીવીડી સેટ જુલાઈ ૨૦૦૮



પૂ.માસ્ટરે વર્ષ ૨૦૦૫થી ૨૦૦૭ દરમિયાન ડેનમાર્ક, ચેન્નાઈ, બેંગલોર અને તિરુપુરમાં ખાતે આપેલાં વકતવ્યોનો સંગ્રહ આ ડીવીડી સેટમાં છે.

### હિંદી પ્રકાશન



પૂ.માસ્ટરની બે ઓડિયો સીડી લખનૌ ઉત્સવમાં પ્રકાશિત થઈ ગઈ છે. 'અ કલેકશન ઓફ માસ્ટર્સ ટોક્સ ઈન હિન્દી – પાર્ટ ૧'માં ૧૯૮૫થી ૧૯૯૬ દરમિયાન પૂ.માસ્ટરે આપેલાં ૧૪ વકતવ્યો છે. તે ઉપરાંત, 'પ્રેમ હી ઈશ્વર હૈ', અને બીજી વિડિયો સીડીમાં ૧૯૯૩–૧૯૯૪ દરમિયાન ગાઝિયાબાદ, કોટા, બેહજ અને ઈન્દોરમાં આપેલાં વકતવ્યો છે.

### માસ્ટર્સ ચોઈસ

આપણાં સંગીતનાં જાણકાર, પ્રતિભાશાળી ભાઈઓ અને બહેનોએ ગાયેલાં ભજનોનો તથા ગીતોનો સંગ્રહ 'માસ્ટર્સ ચોઈસ' નામની સીડીમાં છે. આ આલ્બમમાં ગીતોની બે સીડી છે.

### હાર્ટસ્પીક ૨૦૦૭




વર્ષ ૨૦૦૭ દરમિયાન પૂ.માસ્ટરે ભારત અને વિદેશોમાં આપેલાં વકતવ્યોનો આ એક સંપૂર્ણ સંગ્રહ છે. આના એક વિભાગમાં, વર્ષ ૨૦૦૬ અને ૨૦૦૭ દરમિયાન અભ્યાસીઓ સાથે થયેલી પૂ.માસ્ટરની ઔપચારિક વાતચીતનો સંગ્રહ પણ છે.

## ઉત્તરાખંડ: વી.બી.એસ.ઈ. માટે શિક્ષકોની તાલીમ

ઉત્તરાખંડના સિત્તેર અભ્યાસીઓએ અને ઉત્તર પ્રદેશના નવ અભ્યાસીઓએ આ ટ્રેનીંગ મોડ્યૂલમાં ભાગ લીધો હતો. તેનું આયોજન તા.૨૮–૨૯ જૂન ૨૦૦૮ના રોજ દહેરાદૂન આશ્રમ ખાતે કરવામાં આવ્યું હતું.

ઉત્તરાખંડના ઝોન–ઈન–ચાર્જ ભાઈ એમ.એલ.મિત્તલે ભાગ લેનારાઓનું સ્વાગત કર્યું હતું. બહેન નીરા રઘુવંશીએ વી.બી.એસ.ઈ.ની પૂર્વભૂમિકા તૈયાર કરી અને એસ.એમ.આર.ટી.આઈ. દ્વારા તૈયાર કરવામાં આવેલી વી.બી.એસ.ઈ.ની શિક્ષકો માટેની માર્ગદર્શિકાની માહિતી આપી હતી.

દહેરાદૂનના ભાઈ આર.એસ. ચૌહાણે જણાવ્યું હતું કે શાળાઓમાં વી.બી.એસ.ઈ. અપનાવવા માટે રાજ્યસરકારની મંજૂરી મળી હોવાથી હવે અભ્યાસીઓને શિક્ષકગણ તરીકે તાલીમ આપવાની જરૂર ઊભી થઈ છે.

બહેન ચંદ્રકાન્તા અને બહેન પ્રીતિ દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રદર્શનની શ્રેણીને આ તાલીમ કાર્યક્રમની વિશેષ વિગત કહી શકાય, જેમાં તેમણે દર્શાવ્યું હતું કે કઈ રીતે મોડ્યુલ્સ, વાર્તાઓ, ઉદાહરણો અને પ્રવૃત્તિ દ્વારા વર્ગમાં નૈતિક મૂલ્યો દ્વારા આધ્યાત્મિક શિક્ષણ આપી શકાય છે. ભાઈ જી.ડી.સરીન અને ભાઈ રમેશ દલકોટી પણ વકતા તરીકે જોડાયા હતા.

ચાના વિરામ બાદ, જૂથ– પ્રવૃત્તિની શરૂઆત થઈ હતી. આ માટે ચાર જૂથો બનાવવામાં આવ્યાં હતાં.

જૂથ ૧ – માં એ સ્વયંસેવકોનો સમાવેશ થયેલો હતો કે જેઓ વર્ગમાં વી.બી.એસ.ઈ. શીખવવા માંગતા હોય.

જૂથ ૨ –માં એ સ્વયંસેવકોનો સમાવેશ થયેલો હતો કે જેઓ શિક્ષકો સાથે વ્યક્તિગત રીતે વી.બી.એસ.ઈ. અંગે વાત કરે.

જૂથ ૩ –માં એ સ્વયંસેવકોનો સમાવેશ થયેલો હતો કે જેઓ શિક્ષકોના જૂથને તેમજ અભ્યાસીઓના જૂથને વી.બી.એસ.ઈ. માટે તૈયાર કરે.

જૂથ ૪ – માં એ સ્વયંસેવકોનો સમાવેશ થયેલો હતો કે જેઓ શાળાકીય સંસ્થાના વડાને વી.બી.એસ.ઈ. વિશે વાત કરે.

આ જૂથમાં રહેલા દરેક અભ્યાસીને જજ અને અન્યોની બનેલ ટુકડી સમક્ષ, પોતે શું રજૂ કરવાના છે તે સમજાવવાની તક આપવામાં આવી હતી.

કાર્યક્રમની સમાપ્તિમાં ઉત્તરાખંડના ઝોન–ઈન–ચાર્જ ભાઈ એમ.એલ.મિત્તલે સર્વ શિક્ષકગણનો અને ભાગ લેનારા સૌનો આભાર માન્યો હતો અને તેમણે એ આશા વ્યક્ત કરી કે જેમ પૂ.માસ્ટર ઈચ્છે છે તેમ, આ અભ્યાસીઓ વી.બી.એસ.ઈ.ના કાર્યને સતત આગળ ધપાવતા રહેશે.





## નિબંધ લેખન

શ્રી રામચંદ્ર મિશન એ યુનાઈટેડ નેશન્સ ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક ઈન્ફરમેશન સાથે ડિસેમ્બર ૨૦૦૫થી સંકળાયેલું એન.જી.ઓ. છે. અમારું તેમની સાથેનું સંકલન એ જવાબદારીથી લીધેલું તે કાર્ય છે કે મિશન તરફથી યુનાઈટેડ નેશન્સના હેતુઓ અને પ્રવૃત્તિઓનો પ્રચાર કરવો તેમજ વિશ્વના ચિંતાજનક મુદ્દાઓ અંગે જાહેર જનતાને જાગૃત કરવી.

યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ યુથ ડે, જે ૧૨મી ઓગસ્ટે હતો, તેની ઉજવણીના ભાગરૂપે ભારતભરની શાળા–કોલેજોમાં એસ.આર.સી.એમ.ની દેખરેખ હેઠળ અખિલ ભારતીય નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે.

સિનીયર વિભાગ (૧૭ થી ૨૧ વર્ષ) માટે વિષય છે, 'આત્મ સન્માન અને આત્મ વિશ્વાસ વ્યક્તિના ચારિત્ર્યને ઘડી શકે છે' અને જુનીયર વિભાગ (૧૦ થી ૧૬ વર્ષ) માટે વિષય છે, 'સત્ય એ જ હિંમત છે.'

### ગુલબાર્ગા, કર્ણાટક



તા.૬ઠ્ઠી જુલાઈ ૨૦૦૮ના રોજ, ગુલબાર્ગા આશ્રમના માસ્ટર્સ કોટેજની બહાર, લૉનમાં બાળકો માટે નિબંધલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધનો વિષય હતો, "સહજ માર્ગમાં જોડાયા બાદ વડીલો અને સંબંધીઓમાં બાળકોએ નોંધેલું પરિવર્તન." જુદા જુદા વયજૂથના અગિયાર બાળકોએ આમાં ભાગ લીધો. આ તો માત્ર શરૂઆત જ હતી. બાળકો માટે ચિત્રકામ હરિફાઈની યોજના પણ વિચારાઈ રહી છે.

### નાન્જનગઢ, કર્ણાટક

માયસોર નજીક આવેલા નાન્જનગઢ વિસ્તારના અભ્યાસીઓએ જ્યારે અખિલ ભારતીય નિબંધલેખન માટે સ્થાનિક શાળાઓની મુલાકાત લીધી, ત્યારે તેમને એક નિરાળો જ અનુભવ થયો હતો.આનું પરિણામ એ આવ્યું કે ૧૩ શાળાઓમાંથી આવી રહેલા ૧૦૫ વિદ્યાર્થીઓએ હરીફાઈમાં ભાગ લેવાની તત્પરતા દર્શાવી હતી. સ્થાનિક અભ્યાસીઓ કે જેઓ શિક્ષકો છે, તેમણે વિદ્યાર્થીઓને તેમની સ્કૂલોમાં ઈનામરૂપે મિશનનું સાહિત્ય આપ્યું હતું.




## "સેન્ટરના વિકાસમાં હું કેવી રીતે મારો ફાળો આપી શકું?"

૧૦મી ઓગસ્ટ ૨૦૦૮ના રોજ ઈન્દોર કેન્દ્રના અભ્યાસીઓ સમક્ષ આ પ્રશ્ન મૂકવામાં આવ્યો હતો. તાજેતરમાં તેમની લખનૌ ઉત્સવ ખાતેની હાજરી પછી તેઓ ઉત્સાહી બન્યા હતા અને તેમણે (૧૨૫) ઉત્સાહપૂર્વક આ વિષય પર ચર્ચા કરી હતી.

'વિકાસ'નો અર્થ શું છે? માત્ર સંખ્યામાં જ વધારો થાય એટલું જ નહીં, પરંતુ ખરેખર તો અભ્યાસીનો વ્યક્તિગત વિકાસ અને તેમનું પરિવર્તન જરૂરી છે. સ્વયંસેવાના કાર્ય દ્વારા આપણો વિકાસ થાય છે. આપણાં વિકાસની સાથોસાથ, સેન્ટર પણ સ્થાનિક કક્ષાથી વૈશ્વિક કક્ષા સુધી વિસ્તરે એ ખ્યાલમાં રાખવું જરૂરી છે.



અંતે સમાપનનો ખાસ મુદ્દો હતો, 'આપણો મુખ્ય ફાળો છેઃ તેમને સહકાર આપવો, આપણી માનવીય ઈચ્છાઓ દ્વારા તેમના આપણા ઉપર કરવામાં આવતા કાર્યમાં કોઈ પ્રકારનો અવરોધ પેદા કરવો નહીં, તેમજ આપણાં જ ભલા માટે બિનશરતી રીતે તેમની આજ્ઞાનું પાલન કરવું.

## નેતૃત્વ કૌશલ્યો પર સર્જનાત્મક વર્કશોપ

પ્રતિબદ્ધ સ્વયંસેવકો માટે ૨૨મી જૂન ૨૦૦૮ના રોજ વડોદરા આશ્રમ ખાતે એક નવીન પ્રકારની વર્કશોપ રાખવામાં આવી હતી. ઉદ્યોગના ક્ષેત્રમાંથી આવતા એક વ્યવસાયિક તાલીમ આપનાર વ્યક્તિ દ્વારા, ત્રણ પ્રશિક્ષકો સહિત ૨૫ અભ્યાસીઓ માટે આ વર્કશોપ યોજવામાં આવી હતી.

અસરકારક રીતે માહિતીની આપ-લે, સમસ્યાઓનું નિરાકરણ સર્જનાત્મક રીતે લાવવાની કળા, કાર્યોનો પ્રકાર અને લોકોને અનુલક્ષીને નેતૃત્વની જરૂરીયાતો સમજવી તેમજ પરિસ્થિતિજન્ય નેતૃત્વની જરૂરીયાત પર ચર્ચા કરવામાં આવી હતી. દેખીતી રીતે સામાન્ય જણાતી સમસ્યાઓ સર્જનાત્મક રીતે કેવી રીતે ઉકેલી શકાય, તે વિશે ભાગ લેનારાઓને વિચાર કરતા કરવામાં આવ્યાં હતાં. તેમજ આ કાર્ય કરતી વખતે પોતાનો અનુભવ બધા સાથે વહેંચવો અને તેમાંથી મેળવેલા બોધને કેવી રીતે આત્મસાત કરવો, તે વિશે પણ તેમને વિચારતાં કર્યા હતા. મોટા ઉત્સવો સહિતની મિશનની વિવિધ પ્રવૃત્તિઓ માટે સ્વયંસેવા આપતી વખતે જરૂરી એવા નેતૃત્વના ગુણોને તે પરિસ્થિતિને સંદર્ભમાં રાખી, ભાગ લેનારા સૌએ કાર્યક્રમમાં જોડાવાના પ્રયત્નો કર્યા.



## અમદાવાદ ખાતે યોજાયેલ યુવાનો માટેનો ઉચ્ચતર તાલીમ કાર્યક્રમ



'ઉત્સાહથી જ બધો ફરક પડે છે', તે મુદ્દો મધ્યમાં રાખી, ૨૨મી જૂન ૨૦૦૮ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ એક દિવસનો ઝોનલ કક્ષાનો તાલીમ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ગુજરાતનાં ૪૫ યુવાન અભ્યાસીઓએ ભાગ લીધો હતો. ભાગ લેનારાઓને જુદી જુદી પાંચ ટુકડીઓમાં વહેંચી દેવામાં આવ્યા હતા. પ્રશિક્ષકોએ તેમને ટૂંકા નાટકો, જૂથ ચર્ચાઓ, પસંદગીના વાર્તાલાપો અને પ્રશ્નોત્તરી વગેરેનાં કાર્યક્રમોમાં માર્ગદર્શન આપ્યું હતું. અંતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને રાત્રિ ભોજન પછી, બધા છૂટા પડ્યા હતા.

મહત્ત્વના નિરીક્ષણો પૈકીનું એક એ હતું કે સમગ્ર દિવસ દરમિયાન કાર્યક્રમ માટે જે મુદ્દો પસંદ કરવામાં આવ્યો હતો, તેને અનુરૂપ સ્ફૂર્તિ અને ઉત્સાહ સભાખંડમાં છવાઈ ગયા હતા. આ કાર્યક્રમનું સંચાલન કરનારા વડીલો પણ તેમાં અપવાદ નહતા.

## નેયવેલી, તામિલનાડુ ખાતે યોજાયેલ આધ્યાત્મિક સંમેલન

નેયવેલી લિગ્નાઈટ(કથ્થઈ કોલસો)ની ખાણો માટે પ્રખ્યાત છે. આપણાં મિશનનાં સ્થાનિક કેન્દ્ર દ્વારા આસપાસના અભ્યાસીઓ માટે ૨૯ જૂન ૨૦૦૮ના રોજ એક દિવસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સ્થાનિક કેન્દ્ર તથા કડલોર, પોંડિચેરી, વિલ્લુપુરમ, વૃધ્ધાચલમ અને પાનરૂતિ કેન્દ્રોનાં લગભગ ૧૪૦ અભ્યાસીઓએ તથા ૧૫ બાળકોએ તેમાં ભાગ લીધો હતો.

સૌ પ્રથમ ત્રણ 'એમ' (માસ્ટર, મિશન, મેથડ) ઉપર ક્વીઝ યોજવામાં આવી હતી અને ત્યારબાદ પ્રેમ, સહિષ્ણુતા, પ્રતિબદ્ધતા અને ભાઈચારો જેવા વિષયો પર અભ્યાસીઓએ ટૂંકા વક્તવ્યો આપ્યા હતા. અભ્યાસીઓએ રજૂ કરેલા એક ટૂંકા નાટ્યપ્રયોગ ઉપરાંત એક અભ્યાસી યુગલનો ઈન્ટરવ્યુ લેવામાં આવ્યો, જેમાં તેમનાં કૌટુંબિક જીવન પર સહજ માર્ગની અસર વિશે છણાવટ કરવામાં આવી હતી. તેમનો અનુભવ બધાં માટે ખૂબ જ અસરકારક સાબિત થયો. આ બધાં ઉપરાંત બે અભ્યાસીઓએ સત્સંગનો અર્થ સમજાવ્યો. ત્યારબાદ તેના પર ચર્ચાઓ અને સ્પષ્ટતાઓ કરવામાં આવી હતી.





## તાલીમ કાર્યક્રમો

### ધનબાદ (ઝારખંડ)

કોલકતા, રાણીગંજ, ધનબાદ, સિંદરી, બોખારો અને ગિરીડીહ કેન્દ્રોનાં ૮૦ અભ્યાસીઓએ ૨૮ અને ૨૯ જૂન ૨૦૦૮નાં રોજ બે દિવસના તાલીમ કાર્યક્રમમાં હાજરી આપી હતી. ભાઈ વાઈ.પી.કે. મૂર્તિ (ધનબાદ કેન્દ્રના સેન્ટર-ઈન-ચાર્જ) અને અન્ય કેન્દ્રોના પ્રશિક્ષકો તથા સ્વયંસેવક અભ્યાસીઓએ આ કાર્યક્રમ સફળ બનાવવામાં મદદ કરી હતી.

પ્રથમ દિવસનું મુખ્ય આકર્ષણ સફાઈ, ધ્યાન અને પ્રાર્થના વિશે આપવામાં આવેલું એક પ્રેઝન્ટેશન હતું. સાંજે, 'સહજ માર્ગ પધ્ધતિ, જીવન જીવવાનો માર્ગ', એ વિષય પર એક ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. પછી પ્રશિક્ષકોએ વકતવ્યો આપ્યાં હતાં અને ત્યાર બાદ પ્રશિક્ષકો અને મહેમાનો વચ્ચે રસપ્રદ અને અનૌપચારિક વાતચીતો થઈ હતી.

બીજા દિવસે સૌ પ્રથમ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ત્યારબાદ 'સહજ માર્ગમાં જોડાયા પહેલા અને પછી', એ વિષય પર જૂથ ચર્ચા યોજવામાં આવી હતી. આ જૂથ ચર્ચા ખૂબ જ અસરકારક અને સફળ રહી કારણ કે અભ્યાસીઓએ તેમાં હૃદયપૂર્વક ભાગ લીધો. ખેમના અનુભવો ચમત્કારોથી અને એ હકીકતના પ્રગટીકરણથી ભરપૂર હતા કે જે દિવસથી આપણે સહજ માર્ગ પધ્ધતિમાં જોડાઈએ છીએ, તે દિવસથી જ, તમામ સંજોગોમાં ગુરુજી આપણી સાથે હોય છે.

### તિનસુકીયા



તિનસુકીયા આશ્રમ ખાતે ૨૯મી જૂન ૨૦૦૮ના રોજ અભ્યાસીઓ માટે તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. તેમાં તિનસુકીયા તેમજ તેની નજીકનાં કેન્દ્રો, જેવાં કે દિબ્રુગઢ, શિવસાગર, નાઝીરા, દિગબોઈ, દુમદુમા, નહારકટિયા, દુલિયાજાન તથા અરૂણાચલપ્રદેશના ૨૦૦ કરતાં પણ વધુ અભ્યાસીઓએ ભાગ લીધો હતો.

ગુરુજીનું દર્દ, નૈતિકતા, સહજમાર્ગ સાધના, વિગેરે વિષયો ઉપર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતાં અને ત્યાર પછી પ્રશ્નોત્તરી થઈ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરનાર ભાઈ અશોક સેનગુપ્તાએ પૂ.માસ્ટરના ઉપદેશોમાંથી અમુક અંશો રજૂ કર્યાં હતાં, જેવા કે, 'આપણે જે કંઈ પણ પ્રાપ્ત કરીએ છીએ, તે આપણે બીજાં લોકોને વહેંચી દેવું જોઈએ.' તેમણે પૂ.માસ્ટરના તાજેતરનાં, ગોવા ખાતે અપાયેલા વકતવ્યનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે દરેક અભ્યાસી એક વર્ષમાં એક નવા અભ્યાસીને લાવે, તો સેન્ટરનો વિકાસ જલદી થઈ શકે છે.

વિવિધ ફોટોગ્રાફ્સ દ્વારા એ બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે પૂ.બાબુજી મહારાજ ઘણી વાર તિનસુકીયા આવ્યા હતા અને તેમણે આ પ્રદેશ માટે એક સ્વપ્ન જોયું હતું, જે આપણે આજ સુધીમાં પરિપૂર્ણ કરી શક્યા નથી, પરંતુ જો આપણે આ કાર્યને આજે અને અત્યારે જ હાથ પર લઈએ, તો પૂ.માસ્ટરના આશીર્વાદથી તેમનું તે સ્વપ્ન સિધ્ધ કરવાનું શક્ય છે.

### ગુલબર્ગા

૬ જુલાઈ ૨૦૦૮ના રોજ ગુલબર્ગા સેન્ટરના આશ્રમ ખાતે નવા અભ્યાસીઓ માટે એક દિવસીય તાલીમ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૨૫ અભ્યાસીઓ હાજર રહ્યા હતા. તેમાં મુખ્યત્વે સહજ માર્ગ સાધનાનાં મૂળ તત્ત્વોની સંપૂર્ણ સમજણ પર ભાર મૂકવામાં આવ્યો હતો. વાર્તાલાપો બાદ સ્પષ્ટતાઓ માટે પ્રશ્નોત્તરી થઈ હતી.



### દિલ્હી કેન્દ્ર ખાતે યોજાયેલ યુવા વર્કશોપ

૬ઠ્ઠી જુલાઈ ૨૦૦૮ના રોજ યોજાયેલ વર્કશોપમાં દિલ્હી કેન્દ્રનાં જે યુવાન અભ્યાસીઓએ હાજરી આપી હતી, તેમને માટે આ એક નવો અને તાજગીસભર અનુભવ હતો. આ કાર્યક્રમ માટે અપનાવવામાં આવેલ મુખ્ય વિષય હતો, 'તમારે જે કંઈ સિદ્ધ કરવાનું છે, તે અહીં અને અત્યારે જ કરવાનું છે.' ભાગ લેનારાઓને ૮ જૂથોમાં વહેંચી નાખવામાં આવ્યા હતા અને સંકલનકર્તાઓએ તેમને માર્ગદર્શન આપ્યું હતું. ચર્ચાયેલ વિવિધ વિષયોમાં સંતુલન, પ્રેમ, શ્રધ્ધા, ધૈર્ય, સંકલ્પશક્તિ, અહીં અને અત્યારે, શિસ્ત અને સમય જેવા વિષયોનો સમાવેશ થયો હતો. યુવાન અભ્યાસીઓએ વિવેકાનંદની જાગૃત કરતી હાકલ, 'ઊઠો અને જાગો' (ઉત્તિષ્ઠ જાગૃત) પર આધારિત એક ટૂંકુ અને રસપ્રદ નાટક રજૂ કર્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન પૂ.માસ્ટરનાં એ વકતવ્યોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમાં તેમણે યુવાનોને પોતાની મહત્ત્વાકાંક્ષાઓ અને ધ્યેયો સાથે ભૌતિકવાદી સંસ્કૃતિને શરણે થઈ જવાનાં આધ્યાત્મિક જોખમો વિશે ચેતવણી આપેલી છે. તે ઉપરાંત આ સિદ્ધાંતો આગળ ધરવામાં આવ્યા હતા: વિવેક માટે બુદ્ધિની જરૂરીયાત. મનનો ઉપયોગ વિવેક અને શિસ્ત સાથે થવો જોઈએ, દરેક દિવસ એવી રીતે જીવવો જોઈએ કે જેમાં આધ્યાત્મિકતાને પ્રાથમિકતા આપવામાં આવે કારણ કે તે આપણને જીવનમાં સુખ તરફ લઈ જાય છે.

### સિલીગુડી

સિલીગુડી અને આસપાસના કેન્દ્રો જેવાં કે રાયગંજ, દાર્જિલીંગ, બીજોનબારી અને ગેંગટોક સેન્ટરમાંથી આવતા ૫૦ અભ્યાસીઓ સમક્ષ સહજ માર્ગ સાધનાની સમજૂતી વિશે ઊંડાણપૂર્વક સ્પષ્ટતાઓ કરવામાં આવી હતી. સહજ માર્ગ સાધના પદ્ધતિ ઉપરની આ વર્કશોપ ૭મી અને ૮મી જૂન ૨૦૦૮ના રોજ ઋષિભવન, સિલગુડી ખાતે યોજવામાં આવી હતી. વ્યક્તિગત સીટીંગો અને સમૂહ સત્સંગ ઉપરાંત રોજિંદી સાધના, સતત સ્મરણ તેમજ સહજ માર્ગનાં ૧૦ નિયમો વિશે ખુલાસાઓ આપવામાં આવ્યા હતા. નવા અભ્યાસીઓને આ વર્કશોપ ખૂબ જ ઉપયોગી થઈ કારણ કે તેમનાં ઘણાં બધાં સંશયો અને ગૂંચવણો દૂર થઈ ગયા. ઘણાં અભ્યાસીઓને એવું લાગ્યું કે આવી વર્કશોપ અવારનવાર યોજવી જોઈએ.

# ઓપન હાઉસ કાર્યક્રમો

## દીબ્રુગઢ

દીબ્રુગઢના ભાઈ દુર્ગામલ અગરવાલે ૨૮ જૂન ૨૦૦૮ના રોજ એક ઓપન હાઉસનું આયોજન કર્યું હતું, જેમાં ૩૩ આમંત્રિત મહેમાનો હાજર રહ્યા હતા; જેમાંથી ૯ જણાએ તરત જ ધ્યાનની બેઠક લેવાનું શરૂ કર્યું હતું, જ્યારે કેટલાંક લોકોએ થોડા સમય પછી અભ્યાસ શરૂ કરવા માટેની તત્પરતા બતાવી હતી. આ ઓપન હાઉસનું સંચાલન ગૌહાટીના ભાઈ અશોક સેનગુપ્તાએ કર્યું હતું.

## નંદયાલ (આંધ્ર પ્રદેશ)

નંદયાલ ખાતે ૪થી ૮ જૂન સુધીમાં, ત્રણ અલગ અલગ જૂથમાં લગભગ ૧૫૦ શિક્ષકો માટે, મ્યુનીસીપાલ હાઈસ્કૂલમાં યોગ અને ધ્યાન પર એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતુલિત અને તણાવમુક્ત જીવન કેવી રીતે જીવવું તે વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત ૨૬ જૂનના રોજ નંદયાલ ખાતે પુલોજા રાવ એજ્યુકેશન કોલેજમાં અભ્યાસી ભાઈઓ દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો વિષય હતો, શૈક્ષણિક વ્યવસાયમાં ધ્યાનની પદ્ધતિ કેવી રીતે ઉપયોગી છે અને વિદ્યાર્થીઓમાં તે કઈ રીતે નૈતિક મૂલ્યો આપી શકે છે. ૬૦ તાલીમાર્થી શિક્ષકોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## મંદામારી (આંધ્ર પ્રદેશ)

ક્રિશ્ચિયન મિશનરીની કાર્મેલ હાઈસ્કૂલની વિનંતીને માન આપી ૭૦ શિક્ષકો માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાંના કેટલાંક શિક્ષકો કે જેઓ અભ્યાસી છે, તેમણે પોતાના અનુભવો દ્વારા ધ્યાનની જરૂરીયાત વિશે સમજાવ્યું હતું. શાળાના નોટિસ બોર્ડ પર મિશનની પ્રાર્થના મૂકવામાં આવી હતી.

## વડોદરા (ગુજરાત)



તા.૬ જુલાઈ ૨૦૦૮ના રોજ અલકાપુરીમાં આવેલી બરોડા હાઈસ્કૂલના ઓડિટોરિયમમાં ૯૦ શિક્ષકો અને બીજા મહેમાનો માટે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં વકતાઓ દ્વારા વ્યક્તિના જીવનમાં આધ્યાત્મિકતા અને તેને અનુરૂપ ધ્યાનની જરૂરીયાત, સહજ માર્ગ સાધનાના વિશિષ્ટ તત્વો, મનુષ્યના મન પર તેની અસર અને સહજ માર્ગ સાધના દ્વારા તેમનામાં આવેલા પરિવર્તનના અંગત અનુભવોની ચર્ચા કરવામાં આવી હતી.

## ગુલબર્ગા: ગ્રામ્યવિસ્તારમાં પ્રારંભ




ઐનોલી ખાતે ૬ જૂન ૨૦૦૮ના રોજ એક અભ્યાસીના મકાનની છત પર ૨૫ મહેમાનોને આમંત્રિત કરવામાં આવ્યા હતા અને એક હોમ–ગેધરિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. સહજ માર્ગ ધ્યાન પદ્ધતિ વિશે સમજાવ્યા બાદ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. નજીકમાં જ આવેલા કનકપુર ગામમાં પણ એક અભ્યાસીના ઘરે ૩૫ મહેમાનો માટે આવા જ બીજા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બંને કાર્યક્રમોમાં સંપૂર્ણપણે ગ્રામ્ય વાતાવરણમાં, ખૂબ જ સાદી અને સ્પષ્ટ રીતે સહજ માર્ગને સમજાવવામાં આવ્યો હતો કે જેથી ગામના લોકો પોતે અત્યારે જે વિચારતા હોય, તેનાથી કંઈક જુદું જ વિચારતાં થાય અને તે માટે તેમને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

## કોડાઈકેનાલ, તામિલનાડુ

કોડાઈકેનાલ એ તામિલનાડુનું હવા ખાવાનું એક સ્થળ છે અને મદુરાઈનું ઉપકેન્દ્ર છે. મદુરાઈના પ્રશિક્ષકો આ વિસ્તારમાં મિશનને વિકસાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. ૧૨ જુલાઈ ૨૦૦૮ના રોજ ભવન્સ ગાંધી વિદ્યાઆશ્રમ સ્કૂલ ખાતે, તેના ૨૫ શિક્ષકો સમક્ષ સહજ માર્ગ પર એક પ્રેઝન્ટેશન રાખવામાં આવ્યું હતું. સંસ્થાના જે કાર્યકર્તાઓ ધ્યાન શરૂ કરે, તેમને પૂરતી સગવડ આપવાની જવાબદારી આચાર્યે લીધી હતી. પ્રશિક્ષક ભાઈ રામનાથન તથા કોડાઈકેનાલ રહેતા અભ્યાસી ભાઈ ચંદ્ર પ્રસાદે આ કાર્યક્રમની જવાબદારી લીધી હતી.

**કોડાઈકેનાલની શ્રી શંકર વિદ્યાલય મેટ્રિક્યુલેશન હાયર સેકન્ડરી સ્કૂલ** દ્વારા, તેના ૨૦ શિક્ષકો માટે તા.૮ ઓગસ્ટ ૨૦૦૮ના રોજ ઓપન હાઉસ યોજવા માટે આપણા મિશનને આમંત્રણ મળ્યું હતું. સહજ માર્ગ પદ્ધતિની વિગતવાર રજૂઆત બાદ, આચાર્ય સહિત ૧૩ શિક્ષકોએ પ્રારંભિક સીટીંગ લેવાની ઈચ્છા દર્શાવી હતી.

## સીલીગુરી, પશ્ચિમ બંગાળ

સીલીગુરી અને જલપૈગુરીના અભ્યાસીઓ દ્વારા ૮મી ઓગસ્ટ ૨૦૦૮ના રોજ જલપૈગુરી ઝિલ્લા પરિષદ ઓડિટોરીયમ ખાતે એક ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક શાળાના બાળમંદિરના બાળકો દ્વારા નૃત્ય અને ગીતથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. પછી પ્રશિક્ષકોએ વકતવ્યો આપ્યાં હતાં અને પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનનો ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો. ૩૫ જેટલાં આમંત્રિતોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને બીજા ઘણાંએ આ પદ્ધતિ વિશે પછીથી જાણકારી મેળવી હતી.

SRCM

# એકોઝ ઈન્ડીયા

સપ્ટેમ્બર ૨૦૦૮ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૧ અંક ૫

# પ્રકાશનાં કેન્દ્રો

## અમદાવાદ આશ્રમ

અમદાવાદ–ગાંધીનગર હાઈવે પરથી જનાર કોઈ પણ વ્યક્તિ નવા બંધાયેલા અમદાવાદ આશ્રમને જોવાનું ચૂકી જ ન શકે. તેનું ઉદઘાટન પૂ.માસ્ટરે તેમની અમદાવાદની ગત મુલાકાત વખતે કર્યું હતું.

ભારત ખાતેના મિશનના બધાં જ મેડિટેશન હોલ કરતાં અમદાવાદનો આ ષટ્કોણિયો મેડિટેશન હોલ પોતાની એક અલગ ઓળખ ઊભી કરે છે. તે એક આધુનિક, ધ્યાન ખેંચે તેવો આકર્ષક અને પ્રવૃત્તિઓ માટે અનુકૂળ છે.

અમદાવાદ શહેરથી ૨૫ કિ.મી. દૂર, ૪.૭૫ એકર જમીન પર ફેલાયેલા આ આશ્રમમાં મુખ્ય પાંચ ઈમારતો છે, મેડિટેશન હોલ, માસ્ટરનું કોટેજ, ડોરમેટરિઝ, રહેવાના ફ્લેટ્સ, રસોઈઘર અને ઓફિસ.



### મેડિટેશન હોલ

મેડિટેશન હોલ એક અનોખી બંધારણીય રચના ધરાવે છે, જે 'હાય–પાર' કહેવાય છે એટલે કે તે હાયપરબોલિક પારાબ્લોઈડસ કોન્ક્રીટ મેમ્બ્રેન છત ધરાવે છે. તે આકારમાં ષટ્કોણીય છે અને તેની અંદર એક પણ થાંભલા વગરની વિશાળ જગ્યા છે. હોલમાં કોઈ પણ સ્થળે બેસો, તો પણ કોઈ પણ અવરોધ વગર સ્ટેજ પર બેઠેલા પૂ.માસ્ટરને નિહાળી શકાય છે.

આકરા ઉનાળામાં પણ હોલનો આ આકાર તાપમાનને નીચું રાખવામાં મદદરૂપ થાય છે, કારણ કે છતની ડિઝાઈન એવી છે કે હવાની કુદરતી લહેર વહેતી રહે છે.

આ મેડિટેશન હોલમાં ૨૦૦૦ અભ્યાસીઓને સમાવી શકાય છે. વળી જ્યારે પણ જરૂર ઊભી થાય, ત્યારે હોલની બંને બાજુની વધારેલી જગ્યામાં બીજા ૫૦૦ લોકોને પણ સમાવી શકાય છે.

### માસ્ટરનું કોટેજ

માસ્ટરના કોટેજની સુંદર ડિઝાઈન પરંપરાગત છે, જેમાં વચ્ચેના ચોકની આજુબાજુ માસ્ટરના બેડરૂમ તથા ઓફિસ, બેઠક રૂમ, રસોડું અને મહેમાનો માટેનો એક બેડરૂમ છે.

કોટેજની અનોખી ઢળતી છતની અંદરની બાજુ લાકડાથી અને તેની ઉપરની બાજુને મેંગલોરી ટાઈલ્સથી સજાવવામાં આવશે.



### ડોરમેટરિઝ

બે માળ ધરાવતી ડોરમેટરિઝ છ સરખા ભાગમાં વહેંચાયેલી છે –જેમાં ૭૫૦ અભ્યાસીઓ આરામથી રહી શકે તેમ છે.

આ ડોરમેટરિઝના એક છેડે આવેલા નાના દવાખાના(ક્લીનીક)માં અભ્યાસી ડોક્ટરો, અભ્યાસીઓને તેમજ આજુબાજુના ગામના લોકોને સારવાર આપે છે.

છમાંથી એક ડોરમેટરિ ટ્રેનીંગ પ્રોગ્રામ અને સેમિનાર માટે જરૂરી એવા ઓડિયો–વિઝ્યુઅલ સાધનોથી સજ્જ રાખવામાં આવી છે.

રસોડું ઘણું વિશાળ છે અને તેમાં સ્ટોરરૂમ તથા વાસણો ધોઈ શકાય તેવી અન્ય સગવડો પણ છે. રસોડાની ઉપર આશ્રમ મેનેજરનું રહેઠાણ છે અને તેની બાજુમાં સાધનસામગ્રીઓથી સજ્જ ઓફિસ છે.



અંગ્રેજી 'એલ' આકારના મકાનમાં ૬ ડબલરૂમના અને ૯ સીંગલ રૂમના બે માળના એપાર્ટમેન્ટ બ્લોક આવેલા છે.

### ભાવિ યોજના

આશ્રમમાં એક જમવાના હોલની, બાળવિભાગની અને આશ્રમનું ધ્યાન રાખવા માટેના સ્ટાફ માટે ૪ સ્ટાફ ક્વાટર્સ બનાવવાની યોજના છે. ખથા 'રેઈન–વોટર હાર્વેસ્ટ' એટલે કે વરસાદના પાણીને ભેગું કરવાની, વૃક્ષો અને લોન રોપવાની તથા એક સુસજ્જ પુસ્તકાલય બનાવવાની યોજના પણ છે.

મિશનના ભારતનાં આશ્રમોમાં અમદાવાદ આશ્રમ ખરેખર એક કલગી સમાન છે. પૂ.માસ્ટરની કૃપાથી ભારતના આ વિસ્તારમાં આ આશ્રમ માનવતા માટે એક મજબૂત આધ્યાત્મિક સ્ત્રોત બની રહેશે.

આ ન્યુઝલેટર ઈમેલ દ્વારા મેળવવા માટેની વેબસાઈટ છે: http://www.srcm.org/centers/as/in/newsletter/index.jsp
આપના પ્રતિભાવો, સૂચનો અને સમાચાર, લેખ મોકલવા મહેરબાની કરીને ઈમેલ કરો: in.newsletter@srcm.org
© ૨૦૦૮ શ્રી રામચંદ્ર મિશન ("SRCM"). સર્વ હક્ક સ્વાધીન.
"શ્રી રામચંદ્ર મિશન", "સહજ માર્ગ", "SRCM", "કોન્સ્ટન્ટ રિમેમ્બરન્સ" અને મિશનનું પ્રતીક, શ્રી રામચંદ્ર મિશનના રજીસ્ટર્ડ ટ્રેડમાર્કસ છે.
વિષય માટે આ સંદેશમાં સુધારા કરી શકાય. આ સંદેશ માત્ર SRCMનાં સભ્યો માટે જ ઉપલબ્ધ છે.